શહેરના છ નાગરીકો ચૂંટણી લડ્યા : ચારની જીત તો બે ની હાર

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા ૪ રાજકીય અગ્રણીઓએ વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતુ. ભાજપ અને કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી લડી ચૂકેલા ઉમેદવારોમાંથી સે. ૮માં વસવાટ કરતા બંને ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે. જ્યારે અન્ય સેક્ટરોમાં વસવાટ કરતા ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં પાંચ બેઠકોના જંગમાં સેક્ટર-૬માં રહેતા બળદેવજી ઠાકોર અને ડૉ. સી. જે. ચાવડા એ બન્ને ઉમેદવારો વિજયી થયા છે.

શહેરના સેક્ટર-૬માં મકાન ધરાવતા જયદ્રથસિંહજી પરમાર પણ વિજયી થયા છે. જોકે તેમનો મતાધિકાર તેમના વિસ્તાર હાલોલમાં છે.

ગુજરાતનું પાટનગર ગાંધીનગર રાજકારણમાં એપી સેન્ટર ગણાય છે. રાજકારણની મોટાભાગની ગતિવિધિઓ અહીંથી જ થાય છે. ત્યારે પાટનગરમાં પણ કર્મચારીઓની નગરીમાં રાજકીય આગેવાનો મોટી સંખ્યામાં વસવાટ કરે છે. ત્યારે તાજેતરની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ ગાંધીનગરમાં વસવાટ કરતા હોય તેવા દિગ્ગજોને વિવિધ બેઠકો પરથી ચૂંટણીના મેદાનમાં ઉતાર્યા હતા. જેમાં સેક્ટર-૮માં રહેતા હિતુ કનોડીયાને ભાજપ પક્ષે ઈડર બેઠક પરથી ચૂંટણીમાં ઉભા હતા. જ્યાંથી તેઓ ભારે બહુમતિથી વિજેતા બન્યા છે. તો બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા સેક્ટર-૮માં રહેતા બ્રિજેશ મેરજાને મોરબીમાં ચૂંટણી જંગમાં ઉતાર્યા હતા. કોંગ્રેસના કર્મઠ કાર્યકર બ્રિજેશ મેરજાનો મોરબી બેઠક પરથી ભવ્ય વિજય થયો છે. તેઓની સામે ભાજપ તરફી કાંતિ અમૃતિયા ચૂંટણી લડી રહ્યા હતા.

જ્યારે સેક્ટર-૨૩માં વિરાટનગરમાં રહેતા નાથાભાઈ પટેલ કોંગ્રેસ તરફથી વિજાપુર અને કનુભાઈ વાઘેલા અમદાવાદની અસારવા બેઠક પરથી ચૂંટણી જંગમાં હતા. પરંતુ આ બંને કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો છે. જ્યારે ગાંધીનગરમાંથી ભાજપ-કોંગ્રેસમાંથી ૪ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હતા. જેમાં બે ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે. જ્યારે બે ઉમેદવારો પરાજીત થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બંને વિજેતા ઉમેદવારો ભાજપ અને કોંગ્રેસ પક્ષના છે. અને બંને ઉમેદવારો સે. ૮માં વસવાટ કરે છે.

ભાજપ પક્ષ તરફથી ઈડર બેઠક પર જીતેલા હિતુ કનોડીયા અને કોંગ્રેસ પક્ષ તરફથી મોરબી બેઠક જીતેલા બ્રિજેશ મેરજાના બંનેના ઘરે રાત્રીના સમયે ફટાકડા ફોડીને જીતની ખુશી વ્યક્ત કરી હતી. જ્યારે સેક્ટર-૮ના વસાહતી ભાઈ-બહેનોએ પણ વિજેતા ઉમેદવારોને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

ડૉ. સી. જે. ચાવડા જીતતા કોલવડાના યુવાનો ૫૫ કિમીની પદયાત્રા કરશે

ડૉ. ચાવડાના પ્રસંશકોએ તેમની જીત માટે કડાના સિદ્ધેશ્વરી માતાના દર્શને પગપાળા જવાની માનતા માની હતી : રાજપૂત સમાજના આ યુવાનો વર્ષમાં બે વાર આ મંદિરે ચાલતા જાય છે

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓએ સમગ્ર દેશભરમાં ઉત્તેજના જગાવી હતી. આ ચૂંટણીમાં સાશકપક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો અને આ જંગ જીતવા બંને પક્ષોએ તમામ પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓ અજમાવી હતી. ગુજરાતની પ્રજાએ પણ છેલ્લી ઘડી સુધી તેનુ મન કળવા દીધુ નહી અને એવો જનાદેશ આપ્યો કે બંને પક્ષોને વિચારતા કરી મુક્યા છે. કોંગ્રેસ પક્ષને મજબૂત કર્યો પરંતુ સત્તા સોંપી નથી જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈમેજના કારણે ભાજપને માંડ સત્તા ટકાવવામાં સફળતા મળી છે. જેમ નરેન્દ્ર મોદીની તેમના પ્રસંશકોમાં એક ખાસ ઈમેજ છે તેવી જ રીતે ગાંધીનગરના ઉત્તર બેઠક પર ચૂંટાયેલા ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાની પણ તેમના યુવા ટેકેદારોમાં ખાસ છબી છે. ગાંધીનગર પાસેના કોલવડાના કેટલાક યુવાનોએ આ ચૂંટણીમાં ડૉ. સી.જે. ચાવડાનો વિજય થાય તો ૫૫ કિ.મી. દૂર કડા ખાતેના શ્રી સિદ્ધેશ્વરી એટલે કે સધીમાતાના મંદિરે પગપાળા દર્શન કરવા જવાની માનતા માની હતી જે તેઓ હવે પુરી કરવા જવાના છે.

ગાંધીનગર ઉત્તર વિધાનસભા ક્ષેત્રમાંથી કોંગ્રેસ પાર્ટી દ્વારા ક્ષત્રિય ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાને વર્તમાન ધારાસભ્ય અશોકભાઈ પટેલ સામે ટિકિટ આપવામાં આવી હતી. પાટીદાર અનામત આંદોલનને પગલે મતદારો અશોકભાઈ પટેલને જાકારો આપશે તેવી કોંગ્રેસની ગણતરી અમુક અંશે સાચી પડી હતી તથા ક્ષત્રિય મતદારોનું પણ આ બેઠક પર પ્રભુત્વ હોવાથી ડૉ. સી.જે. ચાવડાનો આસાનીથી વિજય થયો હતો. ડૉ. સી.જે. ચાવડાને જ્યારે ઉમેદવાર તરીકે જાહેર કરાયાં ત્યારે જ વર્તમાન ધારાસભ્ય અશોકભાઈ પટેલના વતન કોલવડાના જ કેટલાક રાજપૂત સમાજના યુવાનોએ ડૉ. સી.જે. ચાવડાની જીત થાય તે માટે માનતા માની હતી. ડૉ. ચાવડાના પ્રસંશક એવા આ યુવાનોએ તેમની જીત પર કોલવડાથી ૫૫ કિમી દૂર આવેલા વિસનગર પાસેના કડા ખાતેના શ્રી સિદ્ધેશ્વરી માતાના મંદિરે ચાલતા દર્શન કરવા જવાની બાધા રાખી હતી. હવે, જ્યારે ડૉ. ચાવડા જીતી ગયા છે ત્યારે આ યુવાનો આગામી શનિવાર અથવા રવિવારે તેમની બાધા પૂર્ણ કરવા જઈ રહ્યાં છે. આમ તો રાજપૂત સમાજના મુખ્ય છ યુવાનો જેમણે આ બાધા રાખી હતી તેઓ જવાના છે પરંતુ તેમની સાથે ગામના અન્ય યુવાનો પણ જોડાય તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ યુવાનો વર્ષમાં ચૈત્રી પૂનમ સહિત ૨ વાર ચાલતા કડાના આ સધીમાતાના મંદિરે દર્શન કરવા જાય છે. તેમનું માનવું છે કે તેમની શ્રદ્ધાના પગલે જ માતાજીએ તેમની આ મનોકામના પૂર્ણ કરી છે.

કોણ જોડાશે આ પદયાત્રામાં ?

મહેન્દ્રસિંહ દશરથસિંહ વાઘેલા
વિજયસિંહ પ્રવિણસિંહ વાઘેલા
મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા
ભરતસિંહ ગાંડાજી વાઘેલા
વનરાજસિંહ પ્રવિણસિંહ વાઘેલા
ભરતસિંહ અજીતસિંહ જાડેજા
કોલવડા ગામના અન્ય યુવાનો

રીક્ષા ચોરીના ગુનામાં વોન્ટેડ શખ્સો એસઓજીના સકંજામાં

ઘ-૬ સર્કલ પાસેથી બંને આરોપીઓને ઝડપી લેવાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એસઓજીની ટીમે ચોકકસ બાતમીને આધારે

શહેરના ઘ-૬ સર્કલ પાસેથી બે વાહનચોરોને દબોચી લીધા છે. જે રીક્ષા ચોરીના ગુનામાં નાસતા ફરતા હતા. બંનેને પકડી પાડીને એસઓજીએ સે-૨૧ પોલિસને આરોપીઓ સોંપી દેતા સે-૨૧ પોલિસે વધુ પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સે-૨૭ નજીક આવેલા આદીવાડા પાસે ગોવા ગુટખા નજીકથી રીક્ષાની ચોરી થઈ હતી. આ રીક્ષા ચોરીના ગુના અંગે સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો અને આ ગુનામાં બે આરોપીઓ સોનપુરનો દિનેશ કેશા ઠાકોર અને રૂપાલનો ઈન્દ્ર ઉર્ફે મુન્નો નાનજી દંતાણી બંને નાસતા ફરતા હતા. ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમે ચોકકસ બાતમી આધારે આ બંને વોન્ટેડ આરોપીઓને શહેરના ઘ-૬ સર્કલ નજીકથી પકડી પાડી વધુ તપાસ માટે સે-૨૧ પોલિસને સોંપી આપ્યા છે.

બીસીએ કોલેજમાં વ્યસન મુક્તિ પર વર્કશોપનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા બીસીએ સેમિસ્ટર-૨ના વિદ્યાર્થીઓ માટે વ્યસન મુક્તિ વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

નાર્કોટિક કંટ્રોલ બ્યૂરો દ્વારા ચલાવવામાં આવતા 'હેલ્થી કેમ્પસ' અંતર્ગત આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. 'હેલ્ધી કેમ્પસ'ના સ્ટુડન્ટ લીડર અભિષેક પટેલે આ વર્કશોપમાં અલગ અલગ ડ્રગ્સના પ્રકાર, ડ્રગ લેનાર વ્યક્તિના લક્ષણો, કઈ ડ્રગ્સ માર્કેટમાં મેડિકલ પ્રયોગ માટે ઉપલબ્ધ છે, તેના દૂરઉપયોગથી કયાં પ્રકારના એડિક્સન થાય છે, તેનાથી માનવ શરીરને કયાં પ્રકારના નુકશાન થાય છે તેના વિશે વિદ્યાર્થીઓને સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત સ્ટ્રેસ, એંજાઈટી, આદત, મિત્ર વર્તુળ, સોશિયલ મીડિયા વગેરે દ્વારા વ્યસનની આદત વિકસે છે. આવી ખરાબ આદતોથી સોશિયલ લોસ્ટ, ઈકોનોમિકલ લોસ્ટ, સાયકોલોજિકલ લોસ્ટ થાય છે તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આઈ.આઈ.ટી., કાનપુરના પ્રાધ્યાપક ધિરેન્દ્ર ત્રિપાઠી કે જેઓ હેલ્ધી કેમ્પસના ફાઉન્ડર મેમ્બર છે તેઓએ આ આદતોથી દૂર રહેવા માટે ક્રિટિકલ મેનેજમેન્ટના લેશન વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલી શીખવાડ્યા હતા. વર્કશોપના અંતે વિદ્યાર્થીઓએ ટ્રસેસથી દૂર રહી શકે તે માટે ટાઈમ ચેલેન્જ સાથે યોગાસનો કરાવ્યા હતા અને જીવનમાં યોગનું મહત્વ પણ સમજાવ્યું હતું. આ વર્કશોપમાં બીસીએ સેમિસ્ટર-૨ના ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર વર્કશોપનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ ડૉ. અભિજીતસિંહ જાડેજા, પ્રોફ. રૂપેશ વ્યાસ, પ્રોફ. વિશાલ પટેલ અને પ્રોફ. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજયકક્ષાની ડાન્સ ઑન સ્કેટ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

ગાંધીનગર,તા.૧૯

અમદાવાદના નારણપુરા ખાતે તા. ૧૬મી ડિસેમ્બરે યોજાયેલ રાજયકક્ષાની 'ડાન્સ ઑન સ્કેટ સ્પર્ધા'માં ગાંધીનગરની બીએસકે-૮ ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ ટીમે ડાન્સની સોલો, ટ્રાયો તથા ડ્યુટના વિવિધ વયજુથનાં પ્રથમ અને ટીમ ઈવેન્ટમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ડાન્સ સ્કેટ એસોસિએશન ઑફ ગુજરાત દ્વારા અમદાવાદના નારણપુરાની નવરંગ સ્કૂલ ખાતે રાજયકક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિવિધ વયજુથ જેવા કે અંડર-૮, અંડર-૧૨, અંડર-૧૪, અંડર-૧૬ વગેરેમાં સોલો ડાન્સ, ડ્યુટ ડાન્સ, ટ્રાયો ડાન્સ તથા ટીમ ડાન્સની હરિફાઈ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરની બીએસકે-૮ ટીમે લગભગ તમામ ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જેમાંથી અંડર-૧૪ ટીમે ઈવેન્ટમાં ટીમને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત આ ટીમના ખેલાડીઓએ સોલો ડાન્સ, ટ્રાયો ડ્રાન્સ અને ડ્યુટના વિવિધ વયજુથમાં પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો હતો. આ ખેલાડીઓના કોચ ભાર્ગવ આમરે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ચરેડી છાપરા પાસે માર્ગ અકસ્માતમાં બાઈકચાલકનું મૃત્યુ

શહેરના ચરેડી છાપરા પાસે ૧૦મી ડિસેમ્બરે એકસેસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ માર્ગ અકસ્માતમાં કલોલના ઈસંડ ગામના બાઈકચાલક યુવાન કમલેશભાઈ બોધાજી ઠાકોર ગંભીર રીતે ઘાયલ થયા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયેલા કમલેશભાઈની હાલત ગંભીર જણાતા પ્રાથમિક સારવાર બાદ તાત્કાલીક તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. દરમિયાન ગઈ કાલે સારવાર હેઠળ દાખલ કમલેશભાઈનું કરૂણ મૃત્યુ થયું હતું. પેથાપુર પોલિસે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

નાગર જીવનસાથી પસંદગી સંમેલન સંપન્ન

શ્રી સમસ્ત ગુજરાત નાગર પરિષદ (રાજયકક્ષા) દ્વારા નાગર યુવક યુવતીઓના જીવનસાથી પસંદગી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેના પ્રમુખ સ્થાને અમીતભાઈ મંડલોઈ (ઉદ્યોગપતિ) તથા ભરતભાઈ મંડલોઈ (ઉદ્યોગપતિ-સિંગાપુર) તથા નાગર યુવા વિશિષ્ઠ પ્રાંત કર્તા ડૉ. જલ્પેશભાઈ મહેશચંદ્ર મહેતા તથા આશિષ પ્રદાન શ્રીમતી શારદાબેન મંડલોઈ-પ્રમુખ શ્રી મધ્યપ્રદેશ નાગર પરિષદ, શ્રીમતી દિવ્યાબેન અમિતભાઈ મંડલોઈ, સંજયભાઈ ચંદ્રકાંત જોષી-ચેરમેન, સમગ્ર નાગર પરિષદના અરૂણભાઈ બુચ ઉપસ્થિત રહ્યા હતા. આ જીવનસાથી પસંદગી સંમેલનમાં ૩૫૦ યુવક યુવતીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રમુખ નરેશભાઈ રાજા તથા જનકભાઈએ કર્યું હતું.

૭૯૩ અપક્ષમાંથી માત્ર ત્રણ વિજેતા બની શક્યા

ગુજરાત વિધાનસભાની બે તબક્કામાં યોજાયેલી ચૂંટણી અને ત્યારબાદ ૧૮મી ડિસેમ્બરના રોજ આવેલા પરિણામ બાદ એવી રસપ્રદ વિગત બહાર આવવા પામી છે જેમાં ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો ઉપર કુલ મળીને ૭૯૩ જેટલા અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝુંકાવ્યું હતું. જે પૈકી માત્ર ૩ અપક્ષ ઉમેદવારો જીતવામાં સફળ રહ્યા છે. ગુજરાતમાંથી વડગામની બેઠક પરથી જિગ્નેશ મેવાણી, લુણાવાડાની બેઠક પરથી રતનસિંહ મગનસિંહ રાઠોડ અને મોરવાહડફ બેઠક પરથી ભુપેન્દ્રસિંહ ખાંટ અપક્ષ ઉમેદવાર તરીકે જીતવામાં સફળ રહ્યા છે. કોંગ્રેસ સમર્થિત જિગ્નેશ મેવાણીએ ભાજપના ઉમેદવારને હાર આપી હતી.

કુડાસણ ખાતે રક્તદાન શિબિર યોજાઈ

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં વાછાણી હોસ્પિટલ દ્વારા રવિવારે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલ દ્વારા પ્રથમવાર આયોજિત રક્તદાન શિબિરમાં ૨૭ રક્તદાતાઓએ રક્તદાન કર્યુ હતુ. શિબિરમાં રક્ત એકત્ર કરવાની સેવા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની અમદાવાદ જિલ્લા શાખા દ્વારા પુરી પાડવામાં આવી હતી.

'ગુજરાતીઓ પાક્કા વેપારી, જીએસટી કાપી લીધો'

સોશ્યલ મીડિયા પર ચૂંટણીઓના પરિણામ પછી ફરતા થયેલા ચબરાકિયાઓએ નેટીઝન્સને મોજ કરાવી

ગાંધીનગર, તા. ૧૯

અંતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પતી ગઈ અને તેનું પરિણામ પણ આવી ગયું છે. જ્યારથી સ્માર્ટફોન અને સોશ્યલ મીડિયાનું આગમન થયું છે ત્યારથી કોઈપણ ઘટનાનું રિએક્શન તેના પર આવવાનો ટ્રેન્ડ ચલણમાં આવ્યો છે. વિધાનસભાની ચૂંટણીઓના પરિણામ સાથે જ ગાંધીનગરના નેટીઝન્સે પણ વ્હોટસએપ, ફેસબુક, ટ્વીટર, હાઈક કે ઈન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મીડિયાના માધ્યમો થકી તેમના ચબરાકિયા ફરતા કર્યા હતા જેમાં મજાક-મસ્તી સાથે પરિણામ અંગે પ્રતિક્રિયા આપવામાં આવી હતી. આવો માણીએ એમાંથી થોડાક નોંધપાત્ર ચબરાકીયાં...

- પરિણામ પહેલા ફરતો મેસેજ

● તા. ૧૮મી ડિસેમ્બરે હારેલા ઉમેદવારો : હું હાર્યો નથી, મને હરાવવામાં આવ્યો છે, છતાં પણ જનતાનો ચુકાદો મને શિરોમાન્ય છે.

પ્રજા : તે શિરોમાન્ય જ હોય ને, વિધાનસભામાં એમ કાંઈ વંડી ઠેકીને થોડુ જવાય છે ?

- પરિણામ પછી

● ગુજરાતીઓ પાક્કા વેપારી છે, અમિત શાહે ૧૫૦ સીટ માંગી હતી, ગુજરાતીઓએ ૨૮ ટકા જીએસટી કાપીને ૧૫૦-૫૧=૯૯ સીટ આપી દીધી.

આને કહેવાય પાક્કા વેપારીનો ચોખ્ખો હિસાબ

● ૨૨ વર્ષના સફળ લગ્નજીવનમાં પહેલીવાર થોડી રકઝક થાય એટલે એમ ન સમજવું કે પાડોશીની બૈરી આપણી સાથે ઘર માંડશે... (આમાં કવિ કોંગ્રેસની વાત કરે છે)

● ભાજપની નોર્મલ ડીલીવરી થઈ, સિઝેરિયન થતા થતા રહી ગયું, હાલ વિકાસની તબિયત સારી છે, ૯૯ કિલોનો છે, સોનોગ્રાફીમાં ૧૫૦ કિલોનો બતાવતા હતા.

● રાહુલ ગાંધીએ હાર્દિક પટેલને ફોન કરીને કહી દીધુ, 'મારા રૂપિયા આપી જજે, મારી મમ્મી ખિજાયાં છે.''

● એક નિર્દોષ સવાલ: જો ૧૧૭માંથી ૯૯ પર પહોંચાડ્યું એને વિકાસ કહેવાય તો ૫૯ પરથી ૮૦ સુધી પહોંચાડ્યુ એને શું કહેવાય ?

● ૮ વાગે - ગુજરાતમાં કોંગ્રેસ આગળ વધી ચાલી રહી છે

૯ વાગે - ગુજરાતમાં કોંગ્રેસ વધુ આગળ ચાલી રહી છે

૧૦ વાગે - ગુજરાતમાં કોંગ્રેસ વધુ આગળ ચાલી રહી છે.

૧૧ વાગે - આગળ વધતી કોંગ્રેસ ગુજરાતની બહાર ચાલી ગઈ છે.

● આ જીત નથી ભાજપની કે નથી કોંગ્રેસની... આ જીત તો છે ગુજરાતની જનતાની જે ભાજપને હરાવવા નહી માત્ર ડરાવવા માંગતી હતી.

● અમિત શાહ જો હજુ ત્રણ ચાર વર્ષ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ રહ્યાં તો સ્કૂલના ક્લાસરૂમમાં મોનીટર પણ ભાજપના જ હશે.

શહેરના પાનના ગલ્લાઓ પર રાજકીય ચર્ચાઓનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૧૯

જ્યારથી ગુજરાત રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ ત્યારથી અત્યાર સુધી ચૂંટણીનો રાજકીય માહોલ સમગ્ર ગુજરાતમાં છવાયેલો જોવા મળ્યો હતો. ચૂંટણી પુરી થઈ ગઈ પરિણામ પણ આવી ચુક્યા છે. પરંતુ હજુ સુધી શહેરના ગલ્લાઓ પર મોડીરાત સુધી રાજકીય ચર્ચાઓનો દોર જોવા મળી રહ્યો છે.

આ રાજકીય ચર્ચાઓમાં મુખ્યમંત્રીથી લઈને મંત્રી મંડળમાં કોનો સમાવેશ થશે અને કોનો નહી થાય ત્યાં સુધીની વાટાઘાટો થતી જોવા મળે છે. ચૂંટણી પુરી થઈ હોવા છતાં નાગરીકોના માનસપટ પરથી રાજકીય અસર ઓછી થઈ હોય તેવુ લાગી રહ્યું નથી. તો બીજી તરફ પરિણામોના વિશ્લેષણો પણ થઈ રહ્યા છે.

પરિણામ બાદ આજથી કોંગીની ત્રિદિવસીય ચિંતન શિબિર થશે

મહેસાણા ખાતે હારના મનોમંથન માટે આજથી શિબિર : ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને પદાધિકારીઓ ભાગ લેશે ૨૨મીએ રાહુલ ગાંધી ચિંતન શિબિરમાં આવે તેવી વકી

અમદાવાદ, તા.૧૯

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ હવે આવતીકાલથી કોંગ્રેસની ત્રણ દિવસની ચિંતન શિબિર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે મળવા જઈ રહી છે. તા.૨૦થી ૨૨ ડિસેમ્બર સુધી એમ ત્રણ દિવસની આ ચિંતન શિબિરમાં આ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની હારના કારણો અને ફેકટરની સમીક્ષા અને મનોમંથન થશે. ચિંતન શિબિરમાં કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, હારી ગયેલા સિનિયર નેતાઓ શકિતસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા સહિતના પદાધિકારીઓ અને આગેવાનો હાજર રહેશે. તો, તા.૨૨મી ડિસેમ્બરે ચિંતન શિબિરના છેલ્લા દિવસે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી પણ તેમાં ભાગ લેવા આવે તેવી શકયતા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે. છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં સત્તાનું શાસન જમાવીને બેઠેલી ભાજપ ફરી એક વખત પોતાની સત્તા બચાવવામાં સફળ થઈ ગઈ, જેની સામે કોંગ્રેસ આ વખતે તેની તરફેણનું વાતાવરણ હોવાછતાં અને હાર્દિક પટેલ, જીગ્નેશ મેવાણી અને અલ્પેશ ઠાકોર એ ત્રણેય આંદોલનકારી યુવા નેતાઓનો સાથ અને પીઠબળ મળવા છતાં સત્તા સુધી પહોંચવામાં નિષ્ફળ રહી. અલબત્ત, કોંગ્રેસ આ વખતની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ સામે જોરદાર રીતે અને મર્દાનગીથી લડયું એટલી હદે કે, એક તબક્કે ભાજપને હંફાવી દીધુ હતું અને પાછળ પાડી દીધુ હતુ પરંતુ ભાજપે મોદી લહેર અને અમિત શાહની રણનીતિના સહારે પોતાની સત્તા બચાવી લીધી. કોંગ્રેસ કયાંય કાચી પડી, જેના કારણે ભાજપને સરકાર રચવા માટે જરૂરી ૯૨ ધારાસભ્યોના લક્ષ્યાંક કરતાં સાત બેઠકો વધુ મળતાં કોંગ્રેસના સત્તામાં આવવાના અને સરકાર રચવાના મનસૂબાઓ પર પાણી ફરી વળ્યું. બીજું કે, આ વખતે કોંગ્રેસ છેલ્લા ૨૨ વર્ષના ઈતિહાસમાં ભાજપને જોરદાર ટક્કર આપી સત્તામાં આવી શકે તેમ હતું. કારણ કે, પાટીદાર આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલ, ઓબીસી આંદોલનના યુવા નેતા અલ્પેશ ઠાકોર અને દલિત નેતાના આંદોલનકારી યુવા નેતા જીગ્નેશ મેવાણીના ખુલ્લો ટેકો કોંગ્રેસને હતો તો, ગુજરાતમાં એવુ પહેલીવાર બન્યું હશે કે જયારે સત્તાધારી ભાજપ સામે લોકોમાં ખુલ્લો અને ઉગ્ર આક્રોશ હતા છતાં આ તમામ તરફેણવાળા સંજોગોનો ફાયદો કોંગ્રેસ કેમ ઉઠાવી ના શકી અને જીતની નજીક આવીને હારી ગઈ તે ગંભીર મુદ્દો પણ ચર્ચાશે. જેથી હવે કયા કારણોથી આ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની હાર થઈ છે, તેની પાછળના કયા કારણો અને પરિબળો જવાબદાર છે, કયું ફેકટર કામ કરી ગયું અને કોંગ્રેસની નેતાગીરી કે સંગઠન કયાં ઉણા ઉતર્યા તે સહિતના પ્રશ્નોનો જવાબ શોધવા આવતીકાલથી ત્રણ દિવસ માટે કોંગ્રેસની ચિંતન શિબિર યોજાવા જઈ રહી છે. બેઠકમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત સહિતના સિનિયર નેતાઓ અને પદાધિકારીઓ ખાસ હાજરી આપશે. કોંગ્રેસના નેતાઓ અને રાષ્ટ્રીય નેતાઓ સ્થાનિક નેતાઓ-જિલ્લાના પદાધિકારીઓ પાસેથી હારના કારણોનુંફીડબેક મેળવશે અનેતેની પર મનોમંથન કરશે. તા.૨૨મી ડિસેમ્બરે છેલ્લા દિવસે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ચિંતન શિબિરમાં આવે તેવી શકયતા છે.